**ક્રમાંક:૬**

**માનનીય સભ્યશ્રી અર્જુન મોઢવાડિયા**

# વિધેયક દાખલ કરવા માટેની રીત

**સભ્ય :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન **૨૦૨૩**નું **ગુજરાત રાજ્ય સ્થાનિક ઉમેદવારોને રોજગાર આપવા બાબત વિધેયક** દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**અધ્યક્ષ :** પ્રસ્તાવએ છે કે માનનીય સભ્યશ્રીને સન **૨૦૨૩**નું.............................................................................................વિધેયક દાખલ કરવાની સભાગૃહ અનુમતિ આપે.

(જો પ્રસ્તાવનો વિરોધ કરવામાં આવે તો વિરોધ કરનાર સભ્યશ્રીને તેમજ પ્રસ્તાવ રજૂ કરનાર સભ્યશ્રીને ટૂંકો ખુલાસો કરતું નિવેદન કરવા દીધા પછી અધ્યક્ષશ્રી વધુ ચર્ચા થવા ન દેતા પ્રસ્તાવ મત માટે મૂકશે પરંતુ વિધેયક કાયદો ઘડવાની સભાગૃહની સત્તા બહારનું હોવાના કારણસર પ્રસ્તાવનો વિરોધ કરવામાં આવ્યો હશે તો અધ્યક્ષશ્રી તેના પર પૂરેપૂરી ચર્ચા કરવા દેશે.)

**અધ્યક્ષ :** હવે હું પ્રસ્તાવ મત માટે મૂકીશ. પ્રશ્ન એ છે કે માનનીય સભ્યશ્રીને સન **૨૦૨૩**નું.............................................................................................વિધેયક દાખલ કરવાની સભાગૃહ અનુમતિ આપે, જેઓ તરફેણમાં હોય તેઓ "હા" કહે (થોડીવાર રહીને) જેઓ વિરુદ્ધમાં હોય તેઓ "ના" કહે (થોડીવાર રહીને) મને લાગે છે કે "હા" કહેનારાની બહુમતી છે. (થોડીવાર રહીને) "હા" કહેનારાની બહુમતી છે. માનનીય સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**સભ્ય :** માનનીય અધ્યક્ષશ્રી હું, સન **૨૦૨૩**નું **ગુજરાત રાજ્ય સ્થાનિક ઉમેદવારોને રોજગાર આપવા બાબત વિધેયક** દાખલ કરું છું.

**અધ્યક્ષ :** વિધેયક દાખલ કરવામાં આવે છે.